# અમદાવાદની રથયાત્રામાં ભાવિકો ઉમટ્યા

**પુરી બાદ દેશની સૌથી મોટી અમદાવાદ રથયાત્રામાં લાખો જોડાયા : વિવિધ રૂટ ઉપર ભગવાના સ્વાગત અને દર્શન માટે ઉત્સાહિત દેખાયા :૧૯ ગજરાજ, ૧૦૧ ટ્રક, 30 અખાડા અને ૧૮ ભજનમંડળીઓએ ધ્યાન ખેચ્યુ**

અમદાવાદ, તા.૧૪

દેશમાં પુરી બાદ બીજી સૌથી મોટી અને મહત્વપર્ણ ગણાતી ભગવાન જગન્નાથની ૧૪૧મી રથયાત્રા આજે અમદાવાદ શહેરમાં યોજાઈ હતી. લાખો શ્રદ્ધાળુઓની હાજરી વચ્ચે રથયાત્રા પરંપરાગત રુટ ઉપર ફરીને મોડી સાંજે નિજમંદિરમાં પરત ફરી હતી. જગતના નાથ જગન્નાથ પોતે બહેન સુભદ્રા અને ભાઈ બલરામની સાથે સવારે સાત વાગે નગર ભ્રમણ પર નિકળ્યા હતા. હેરિટેજ સિટીનો દરજ્જો મળ્યા બાદ પ્રથમ વખત રથયાત્રા નિકળી હતી. આ વખતે કેટલીક બાબત પ્રથમ વખત જોવા મળી રહી છે. ભગવાન જગન્નાથ ૧૩ કલાક માટે નગર પરિભ્રમણ પર નિકળ્યા બાદ જુદા જુદા રૂટ પર તેમના સ્વાગત અને દર્શન માટે શ્રદ્ધાળુઓ પડાપડી કરતા નજરે પડ્યા હતા. ભારે ઉત્સાહ દેખાયો હતો. લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ ભગવાનના દર્શન કરવા માટે તમામ જગ્યાએ ભારે ઉત્સાહિત દેખાયા હતા. શ્રદ્ધાળુઓ જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોઈ રહ્યા હતા તે ભગવાન જગન્નાથજીની ૧૪૧મી રયયાત્રા આજે સવારે જગન્નાથ મંદિરથી શરૂ થઈ હતી. આ વખતે રથયાત્રામાં સૌપ્રથમવાર ભગવાન જગન્નાથજીની રથયાત્રામાં ભારતીય અખાડા પરિષદના મોટા સંતો-મહંતો અને કુંભમેળાના સાધુ-સંતો હાજરી આપી રહ્યા છે. આ વર્ષે ભગવાન જગન્નાથજી, બહેન સુભદ્રાજી અને ભાઈ બલરામ માટે બનારસ, વૃંદાવન સહિતના પવિત્ર સ્થળોએથી સુંદર અલંકારિક વસ્ત્રો, પાઘડી અને તેને અનુરૂપ વાઘા-વસ્ત્રો મંગાવવામાં આવ્યા હતા. આજે રથયાત્રાના દિવસે સવારે ચાર વાગ્યે મંગળાઆરતી યોજાઈ હતી. જેમાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ હાજર રહ્યા હતા. જયારે સાત વાગ્યે મુખ્યમંત્રી વિજય રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલના હસ્તે પહિંદવિધિ બાદ તેઓએ રથ ખેંચી રથયાત્રાનું પ્રસ્થાન કરાવ્યુ હતુ. આની સાથે જ ભગવાનની યાત્રા શરૂ થઈ હતી.



રથયાત્રાનો આ એક જ દિવસ એવો હોય છે જેમાં ખુદ જગતના નાથ નગરચર્યાએ નીકળી તેના ભકતોને ઘેરબેઠા દર્શન આપે છે. ભારતીય લોક સંસ્કૃતિનું રથયાત્રા સર્વોચ્ચ પ્રતીક છે. રથયાત્રાના અગ્રભાગમાં ૧૯ શણગારેલા ગજરાજો, ત્યારપછી ૧૦૧ ભારતીય સંસ્કૃતિની ઝાંખી કરાવતી ટ્રકો, અંગ કસરતના પ્રયોગો સાથે ૩૦ અખાડા, ૧૮ ભજનમંડળીઓ સાથે ત્રણ બેન્ડબાજાવાળા આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. સાધુ-સંતો, શ્રધ્ધાળુ ભકતો સાથે ૧૨૦૦થી ૧૫૦૦ જેટલા ખલાસી ભાઈઓ રથ ખેંચતા નજરે પડ્યા હતા. આ રથયાત્રામાં ભાગ લેવા દેશભરમાંથી ૨૦૦૦થી વધુ સાધુ-સંતો પહોંચી ગયા હતા.

આજે વહેલી સવારે ૪-૦૦ વાગ્યે ભગવાનની મંગળાઆરતી કરવામાં આવી હતી. ત્યારબાદ આદિવાસી નૃત્ય અને રાસગરબાનો પરંપરાગત કાર્યક્રમ યોજાયા હતા. એ પછી ભગવાનના આંખે બાંધેલા પાટા ખોલવાની શાસ્ત્રોક્ત વિધિ કરવામાં આવી હતી. ત્યારબાદ બાદ ૫-૪૫ કલાકે ભગવાન જગન્નાથજી, બહેન સુભદ્રાજી અને ભાઈ બલરામને ત્રણેય રથોમાં સવાર કરવામાં આવ્યા હતા. સવારે ૭-૦૦ વાગ્યે પહિંદવિધિ બાદ રથયાત્રાનો શુભારંભ થયો હતો. વહેલી સવારે ભગવાનને વિશિષ્ટ ભોગ ધરાવાયો હતો.

## નિર્ણય તો ટેકેદારોને પુછીને જ લેવાય : શંકરસિંહ વાઘેલા

**મહેન્દ્રસિંહના નામ પાછળ શંકરસિંહ વાઘેલાનું નામ લાગે એટલે સ્પષ્ટતા કરું છું**

ગાંધીનગર,તા.૧૩

એમ કહેવાય છે કે ઈતિહાસનું પુનરાવર્તન થાય છે જેમણે બળવો કરીને સત્તા મેળવી તેમના જ ઘરમાં તેમના જ પુત્રએ બળવો પોકાર્યો છે. ૧૯૯૫માં ભાજપમાં બળવો કરનાર શંકરસિંહ વાઘેલાના પુત્ર મહેન્દ્રસિંહ વાઘેલા તેમના પિતાની રાજકીય સહમતિ વગર આજે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહની હાજરીમાં કેસરી ખેસ



પહેરી લીધો છે. આ અંગે જ્યારે તેમના પિતા શંકરસિંહ વાઘેલાનો સંપર્ક કરવામાં આવ્યો ત્યારે તેમને પણ આ ઘટનાની જાણ નહોતી અને જીએનએસ ન્યૂઝ એજન્સીએ તેમનો ધ્યાન દોરીને તેમની પ્રતિક્રિયા માંગી હતી જો કે તેમણે તાત્કાલિક કાંઈ પણ કહેવાનો ઈક્રાર કર્યો હતો. પરંતુ સાંજે યોજેલી પત્રકાર પરીષદમાં બાપુએ આ નિર્ણયમાં પોતાની સહમતી ન હોવાનું જાહેર કર્યું હતું

મહેન્દ્રસિંહ ભાજપમાં જોડાતા ૨૦૧૯ની લોકસભા ચૂંટણીનો ગણગણાટ શરૂ થઈ ગયો હતો. તેમજ હવે બાપુ ભાજપમાં જોડાશે તેવી પણ એક ચર્ચા વહેતી થઈ હતી. આ બધાની વચ્ચે શંકરસિંહ બાપુએ પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું કે મહેન્દ્રસિંહે આ અંગે મને કંઈ જ પૂછયું નહોતું. તેઓએ કહ્યું કે જો એક સપ્તાહમાં મહેન્દ્ર સિંહ ખેસ નહીં ઉતારે તો સંબંધ પૂર્ણ થઈ જશે.

પુત્રના ભાજપમાં જોડાવા અંગે શંકરસિંહે આગળ જણાવ્યું હતું કે, મહેન્દ્રસિંહના નામ પાછળ શંકરસિંહ વાઘેલાનું નામ લાગે એટલે મારે સ્પષ્ટતા કરવી પડે. મેં બીજેપી કે કોંગ્રેસ પાર્ટીમાં રહીને કોઈનું અહીત નથી. બે ત્રણ દિવસ પહેલા તેમને ભાજપમાં જોડાવા પર દબાણ હતું. મારી તેમને એક જ સલાહ હતી કે આપણે પરિપક્વ રાજકારણી છીએ. દર વખતે મને પૂછીને બધા નિર્ણય લેવાની જરૂર નથી. પરંતુ ટર્નિંગ પોઈન્ટ અંગેનો નિર્ણય એકદમ ન લેવા જોઈએ.

બાપુએ વધુમાં કહ્યું કે રાજકારણમાં પોતાનો નિર્ણય લેવાનો અધિકાર છે. છતાંય તાત્કાલિક નિર્ણય ન લેવો જોઈએ. કોઈપણ પક્ષમાં બધાને સાથે લઈને જવાય. તેમનો દીકરો ભાજપમાં જોડાયો તેના માટે દબાણ હોઈ શકે છે. હું કોઈ ઈડી કે સીબીઆઈથી ડરતો નથી. હું કોઈપણ પક્ષમાં રહીશ પ્રજાનું અહિત નથી કર્યું.

રાજકારણમાંથી સંન્યાસની વાતો કરનાર બાપુએ કહ્યું કે લોકસભા ચૂંટણી પહેલા હું સક્રિય થઈશ. મેં કોંગ્રેસ છોડી ત્યારે કાર્યકરોની આંખમાં આંસુ હતા. મેં કયારેય મારા સ્વાર્થ માટે સોદાબાજી કરી નથી. હું એનસીપીના આગેવાનો અને માયાવતીને પણ મળ્યો છું. આ બધાની વચ્ચે બાપુએ મજાકમાં કહ્યું કે આપણે તો ઓફર આપવાવાળા છીએ. હાલ તો હું કોઈના પ્રચારમાં જોડાયો નથી.

ભાજપમાં છેલ્લા ઘણા સમયથી કોંગ્રેસમાંથી નેતાઓ ભાજપમાં જોડાઈ રહ્યા છે. જેમાં કુંવરજી બાવળિયા સવારે ૧૧-૦૦ વાગ્યે જોડાયા અને સાંજે ૪-૦૦ વાગે કેબિનેટ કક્ષાના મંત્રી પણ બની ગયા. આ ઘટનાને પગલે એવી અટકળો વહેતી થઈ હતી કે હજુ વધુ કોંગ્રેસના લોકો ભાજપમાં જોડાશે. જો કે કોંગ્રેસમાંથી જોડાવાને બદલે જેઓ કોંગ્રેસ છોડીને ભાજપમાં જવો જવો કરતા હતા તે મહેન્દ્રસિંહ વાઘેલા આજે ભાજપ દ્વારા આયોજીત યુથ પાર્લામેન્ટ કાર્યક્રમમાં એકાએક પહોંચી ગયા અને અમિત શાહના હાથોથી કેસરી ખેસ પહેરી લીધો હતો.

## શંકરસિહના પુત્ર મહેન્દ્રસિંહ ભાજપમાં

**લોકસભા ચૂંટણી પહેલા મોટો રાજકીય ઘટનાક્રમ : મહેન્દ્રસિંહ વાઘેલાને સાબરકાંઠા સીટ પરથી લોકસભાની ચૂંટણી લડાવવામાં આવશે :અમિત શાહ**

અમદાવાદ, તા.૧૪

ગુજરાતના રાજકારણમાં આજે નોંધાયેલા એક અતિ મહત્વના ઘટનાક્રમમાં પીઢ રાજકારણી અને એક જમાનાના ભાજપના દિગ્ગજ નેતા એવા શંકરસિંહ વાઘેલાના પુત્ર મહેન્દ્રસિંહ વાઘેલા રથયાત્રાના પાવન દિવસે ભાજપમાં વિધિવત્ રીતે જોડાઈ ગયા હતા. મહેન્દ્રસિંહ વાઘેલા ભાજપમાં જોડાવાના સમાચાર વહેતા થતાં જ ગુજરાતના રાજકારણમાં જોરદાર પ્રત્યાઘાત પડયા હતા. ખાસ કરીને કોંગ્રેસની છાવણીમાં આગામી ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીને લઈ હવે વધુ ગડમથલ સર્જાઈ છે. ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાના પુત્ર અને બાયડના પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ વાઘેલા અષાઢી બીજના દિવસે જ ભાજપમાં જોડાતા આજે ગુજરાતના રાજકારણમાં ભારે ચર્ચા ચાલી હતી. લોકસભાની ચૂંટણી પૂર્વે બીજેપીએ ક્ષત્રિય વોટબેંક મજબૂત કરવા માટે વધુ એક પોલિટિકલ ઓપરેશન પાર પાડીને વધુ એક નેતાને પાર્ટીમાં લાવ્યા છે. પ્રાપ્ત માહિતી મુજબ, મહેન્દ્રસિંહ વાઘેલાને સાબરકાંઠા બેઠક પરથી લોકસભાની ચૂંટણી લડાવવામાં આવશે. તેમને હાલના સાંસદ દીપસિંહ રાઠોડની જગ્યાએ ટિકીટ આપશે. આ અંગે અમિત શાહે શંકરસિંહ વાઘેલાને વચન આપ્યું છે અને મહેન્દ્રસિંહે કમિટમેન્ટ સાથે જ બીજેપમાં પ્રવેશ કર્યો છે. આજે ભાજપ પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણીએ મહેન્દ્રસિંહને કેસરિયો ખેસ પહેરાવી પાર્ટીમાં આવકાર્યા હતા. આ દરમિયાન નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ સહિત અનેક ભાજપી નેતાઓ હાજર રહ્યા હતા. આ અંગે લાંબા સમયથી વિચારણા ચાલી રહી હતી. પરંતુ બીજેપીના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહના ગુજરાત આગમન સમયે જ ભાજપમાં જોડાયા છે. ભાજપ મહેન્દ્રસિંહને લોકસભાની ચૂંટણી લડાવે એવી પણ સંભાવના છે.ઉલ્લેખનીય છે કે, મહેન્દ્રસિંહે ગત વર્ષના ઓગસ્ટ માસમાં યોજાયેલી રાજયસભા ચૂંટણી દરમિયાન કોંગ્રેસમાંથી રાજીનામું આપી દીધું હતું. બીજેપીમાં પ્રવેશ કર્યા બાદ મહેન્દ્રસિંહે જણાવ્યું હતું કે, પાર્ટી કહેશે તે કરીશ, કોંગ્રેસ ક્યારેય ઉભી થશે નહીં. આ પહેલા કોળી મતો અંકે કરવા બાવળિયાને લાવ્યા બાદ હવે મહેન્દ્રસિંહ વાઘેલાને પાર્ટીમાં લાવીને ક્ષત્રિય વોટબેંક મજબૂત કરવાનો પ્રયાસ



કર્યો છે. મહેન્દ્રસિંહના આવવાથી બીજેપીને ઉત્તર ગુજરાતમાં પણ ભાજપને ફાયદો થઈ શકે છે. એક પછી એક મોટા માથાઓ ભાજપમાં જોડાતાં કોંગ્રેસની ચિંતા આગામી લોકસભા ચૂંટણીને લઈને વધતી જાય છે., તેથી કોંગ્રેસે પણ હવે તેની રણનીતિ વ્યૂહાત્મક બનાવવાની દિશામાં તજવીજ હાથ ધરી છે.

## અમરેલીના લીલીયામાં પાંચ ઈંચથી વધારે વરસાદ : જનજીવન પર અસર

અમદાવાદ,તા. ૧૩

ગુજરાત પ્રદેશ, સૌરાષ્ટ્ર અને કચ્છમાં મોનસુન જોરદારરીતે સક્રિય થયા બાદ જુદા જુદા ભાગોમાં ભારે વરસાદ થઈ રહ્યો છે. જો કે, સૌરાષ્ટ્રમાં હજુ પણ અપેક્ષા મુજબનો વરસાદ થયો નથી. અમદાવાદ શહેરમાં પણ ગાજવીજ સાથે વરસાદી ઝાપટા આજે થયા હતા. રથયાત્રાના દિવસો અમદાવાદમાં હળવા વરસાદી છાપટા પડ્યા હતા. બીજી બાજુ અમરેલી જિલ્લાના લીલીયા શહેરમાં ધોધમાર વરસાદ થયો હતો. લીલીયામાં પાંચ ઈંચથી વધુ વરસાદ થતાં અનેક જગ્યાઓએ પાણી ભરાઈ ગયા હતા. જનજીવનને પણ અસર થઈ હતી. જાફરાબાદમાં આવેલા નાગેશ્રી ગામમાં ભારે વરસાદ થયો હતો. છેલ્લા કેટલાક દિવસથી નોંધપાત્ર વરસાદ થઈ રહ્યો છે. બીજી બાજુ આવી સ્થિતિમાં ભારે વરસાદ જારી રહી શકે છે. દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ભારે વરસાદ પડી રહ્યો છે ત્યારે હવામાન વિભાગ તરફથી હજુ પણ આગામી પાંચ દિવસ માટે અતિભારે વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે જેથી તંત્રને હજુ તમામ સાવધાની રાખવી પડશે. અનેક જગ્યાએ ઘુંટણ સમાન પાણી છે ત્યારે આગામી પાંચ દિવસ દરમિયાન ભારેથી અતિભારે વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે.

## ગુજરાતી દલિત સાહિત્ય પ્રતિષ્ઠાન દ્વારા આજે વાર્તાવાંચન અને કાવ્ય પઠન

ગાંધીનગર, તા. ૧૪

ગુજરાતી દલિત સાહિત્ય પ્રતિષ્ઠાન દ્વારા દરમાસના ત્રીજા રવિવારે યોજવામાં આવતા સાહિત્યિક કાર્યક્રમ 'વાર્તા વાંચન અને કાવ્યપઠન તથા તે પર વિચાર-વિમર્શ' અંતર્ગત, એક કાર્યક્રમ તા. ૧૫-૭-૨૦૧૮ને રવિવારના રોજ બપોરના ૩.૦૦ વાગે, ડૉ. બાબાસાહેબ આંબેડકર ભવનના સમિતિ ખંડમાં, સેક્ટર-૧૨, ગાંધીનગર ખાતે યોજવામાં આવશે. જેમાં સાહિત્યકાર કનુભાઈ અસામલીકર (ખેડા) પોતાની મૌલિક વાર્તાનું પઠન કરશે, જ્યારે કવિ ધરમસિંહ પરમાર (રાધનપુર) અને કવિ બાબુભાઈ નાયક (ચાંદખેડા) સ્વરચિત કાવ્યોનું પઠન કરશે અને જે પર વિચાર-વિમર્શ કરવામાં આવશે. આ સાહિત્યિક કાર્યક્રમમાં પધારવા મહાનુભાવો, સાહિત્યકારો, રસિકો-ભાવકોને સંસ્થાના મંત્રી મુળજીભાઈ પરમાર 'દધિ'નું જાહેર હાર્દિક નિમંત્રણ છે.

### ફાઈનલ જંગ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ક્રોએશિયા વચ્ચે રમાનાર છે. બન્ને ટીમો એકબીજાને પછડાટ આપવા માટે સજ્જ દેખાઈ રહી છે. અનેક મોટા અપસેટ સર્જીને બન્ને ટીમો ફાઈનલમાં પહોંચી છે. આ વખતે કોણ ચેમ્પિયન બનશે તેના પર હવે તમામની નજર કેન્દ્રિત થઈ ગઈ છે. તે પહેલા૧૦મી જુલાઈના દિવસે સેન્ટ પીટર્સબર્ગ ખાતે રમાયેલી સેમીફાઈનલ મેચમાં ફ્રાન્સે બેલ્જિયમ પર ૧-૦થી જીત મેળવીને ફાઈનલમાં કુચ કરી હતી. આની સાથે જ ફ્રાન્નો ટીમ ત્રીજી વખત વર્લ્ડ કપની ફાઈનલમાં કુચ કરી હતી. મેચમાં એકમાત્ર ગોલ ઉમટિટી એ ૫૧મી મિનિટમાં કર્યો હતો. ફ્રાન્સની ટીમ ત્રીજી વખત વર્લ્ડ કપની ફાઈનલમાં પહોંચી ગયા બાદ નવી આશા જાગી છે. ફ્રાન્સના ચાહકો રોમાંચિત દેખાયા હતા. ફ્રાન્સની ટીમ હવે ચેમ્પિયન બનવાથી માત્ર એક મેચ દુર છે.

રશિયામાં આયોજિત ફિકા વર્લ્ડ કપમાં પ્રથમ વખત વિડિયો રેફરીની ગોઠવણી કરવામાં આવી છે. નવી ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. ૨૧મા ફીફા વર્લ્ડ કપમાં તંમામ ટીમો પૂર્ણ તાકાત સાથે મેદાનમાં ઉતરી હતી. જેથી શરૂઆતથી મોટી ટીમો મુશ્કેલીમાં મુકાઈ હતી. જર્મનીમાં વર્ષ ૨૦૦૬માં આનુ આયોજન કરવામાં આવ્યા બાદ આ પ્રથમ વર્લ્ડ કપ છે જેનુ પૂર્વીય યુરોપમાં પ્રથમ વખત આનુ આયોજન કરવામાં આવ્યુ છે. યુરોપિયન રશિયામાં રહેલા તમામ મેદાનો ખાતે પુરતી તૈયારી કરી લેવામાં આવી છે. તમામ મેદાન ખાતે સફળ રીતે આયોજન કરવામાં આવી રહ્યુ છે. આ વર્લ્ડ કપમા ૩૨ ટીમો મેદાનમાં ઉતરી હતી. પ્રથમ રાઉન્ડના દોર બાદ હવે અનેક ટીમો બહાર ફેંકાઈને સ્વદેશ પરત ફરી ચુકી છે.તમામ શક્તિશાળી ટીમોમાંથી ચેમ્પિયન કોણ બનશે તેને લઈને ચર્ચા છેડાઈ ગઈ છે. ફીફા વર્લ્ડ કપમાં એક સાથે પાંચ મુસ્લિમ દેશ આ વખતે રમી રહ્યા છે. ઈનામી રકમની વાત કરવામાં આવે તો ફીફા વર્લ્ડ કપમાં વિજેતા ટીમને ત્રણ કરોડ ૮૦ લાખ ડોલર એટલે કે ૩૮ મિલિયન ડોલરની મહાકાય રકમ મળનાર છે. જે છેલ્લા વર્લ્ડ કપમાં જે રકમ મળી હતી તેના કરતા ૩૦ લાખ ડોલરની રકમ વધારે છે. ફિફા વર્લ્ડ કપમાં રનર્સ અપ રહેનાર ટીમને ૯૦ લાખ ડોલર અથવા તો ૧૯૪.૪ કરોડ રૂપિયા અને ત્રીજા સ્થાને રહેનાર ટીમને બે કરોડ ૪૦ લાખ ડોલર અથવા તો ૧૬૦.૧ કરોડ રૂપિયા આપવામાં આવનાર છે.ફીફા કપમાં વિજેતાને ૨૨૫ કરોડની રકમ મળનાર છે. ફાઈનલ મેચ આવતીકાલે મોસ્કોમાં લુઝીનિકી સ્ટેડિયમ ખાતે ૧૫મી જુલાઈના દિવસે રમાશે.

### ઓવારણા લીધા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રથયાત્રાનુ આયોજન કરવામાં આવે છે. જયારે આ વર્ષે પણ સતત ૩૫ મી વાર ભગવાન જગન્નાથજીની ભવ્ય રથયાત્રા સવારે ૭ કલાકે પંચદેવ મંદિરેથી પ્રસ્થાન કરવામાં આવ્યુ હતુ. રથયાત્રાના પ્રસ્થાન પુર્વે ભગવાન જગન્નાથજીની પુજા વિધી તેમજ આરતી કરવામાં આવી હતી. આ દરમિયાન ધર્માચાર્ય ફુલશંકર શાસ્ત્રી, મેયર પ્રવિણ પટેલ, ડેપ્યુટી મેયર દેવેન્દ્રસિંહ ચાવડ, ગુડાના પુર્વ ચેરમેન આશિષ દવે, શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચ તેમજ રથયાત્રા સમિતિના અધ્યક્ષ દિનેશ કાપડીયા સહીત પંચદેવ મંદિરના યુવાનો સહીત ભાવિકો મોટી સંખ્યામાં હાજર રહી ભગવાનની પુજાનો લાભ લીધો હતો. જયારે પુજા વિધીના અંતે જય રણછોડ માખણચોરના જયઘોષ સાથે રથયાત્રાએ પ્રસ્થાન કર્યુ હતુ. રથયાત્રામાં સૌ પ્રથમ રથયાત્રા સમિતિની કાર, ડી જે નો ટ્રક, ગજરાજ, ટેકવેન ડોનુ નિદર્શન કરતા બાળકો ત્યારબાદ ઘોડેસવાર યુવાનો,, ખુલ્લી જીપ, કલાત્મક બગી અને તેમાં શિવ પાર્વતીના વેશમાં સજ્જ બાળકો ત્યારબાદ પંચદેવ મંદિરના ધર્માચાર્યનો રથ અને ભગવાનનો રથ સાથે હતો. ત્યારબાદ ઢોલનગારા વગાડતા યુવાનોનુ ગૃપ ઉફરાંત પ્રસાદનુ ટ્રેકટર, વ્યસન મુક્તિ વાન અને પાછળ અનેકવિધ કાર્ટુન પાત્રોમાં સજ્જ બાળકો પણ જોવા મળ્યા હતા. રથયાત્રાના રૂટમાં સિનિયર સિટીઝન કાઉન્સિલની વાન એમ્બયુલન્સ વાન, આરોગ્ય વિભાગનો ટેબલો, ટ્રેકટર, અને અયપ્પા મંદિરની કાર અને કલાત્મક રથ પણ સામેલ હતો. નિયત રૂટમાં સે-૨૨ શોપિંગ થી સે-૧૭ તરફ જતી રથયાત્રામાં ડી જે ની ટ્રક અને જીપ તેમજ અન્ય ઉંટલારી , ટ્રેકટરો, ખાનગી વાહનો અને ભજન મંડળીની ટ્રક પણ જોવા મળી હતી. રથયાત્રાના રૂટમાં ધાર્મિક સુત્રોની સાથે ભજનો, ડી જેની સુરાવલી, ઢોલ નગારાથી નગરના માર્ગો ગુંજી ઉઠયા હતા. સે-૨૨ માં વેપારીઓ દ્વારા રથયાત્રાનુ સ્વાગત કરાયુ હતુ. જયારે સે-૧૭ શોપિંગ સેન્ટરમાં પણ ભાવિકોએ રથયાત્રાનુ ભવ્ય સ્વાગત કર્યુ હતુ. જયાંથી આગળ વધીને રથયાત્રા સે-૧૭ હનુમાન મંદિર પહોંચી હતી. જયાં ભગવાનની પુજા અર્ચના તેમજ આરતી ઉતારવામાં આવી હતી. ત્યારબાદ સે-૧૬ નાગરિક બેંક પાસે પણ પુર્વ ધારાસભ્ય અશોક પટેલ સહીતના આગેવાનોએ યાત્રાનુ સ્વાગત કર્યુ હતુ. સે-૧૬ માં વેપારીઓ તેમજ તિરૂપતિ મંદિર અને સોમનાથ મંદિર પાસે સમાજના અગ્રણી અશ્વિન ત્રિવેદી સહીત સમાજના આગેવાનોએ રથયાત્રાનુ સ્વાગત કર્યુ હતુ. આગળ વધતી રથયાત્રાનુ ફતેપુરાના ચંદુજી ઠાકોર સહીત ગ્રામજનોએ સ્વાગત કર્યુ હતુ. ગ માર્ગ પર આગળ રથયાત્રા વધતા સે૧૨ : ૧૩ માં પણ રથયાત્રાનુ સ્વાગત કરાયુ હતુ. કોર્પોરેટર નાજાભાઈ ઘાંઘર તેમજ રાજપુત સમાજના યુવાનોએ ભગવાનને ફુલહાર પહેરાવી યાત્રાનુ સ્વાગત કર્ય હતુ. રથયાત્રાના રૂટમાં ઠંડા પાણીની બોટલ ,છાશ તેમજ ચા નાસ્તાનુ સતત વિતરણ કરવામાં આવતુ હતી. ભુલકાઓને ચોકલેટ આપીને પણ ખુશ કરવામાં આવતા હતા. રથયાત્રા દરમિયાન ૮૦ વર્ષીય સુશીલાબેન ભાવસાર હાથમાં કર્તાલ સાથે પગપાળા જોડાયેલા રહયા હતા. ભાવિકોને પણ કાકડી જાંબુના પ્રસાદનુ વિતરણ કરવામાં આવ્યુ હતુ. સે -૧૩ અને સે-૧૪ માં ભાવિકોની મોટી સંખ્યામાં ભીડ જામી હતી. જેમાં મહીલા દર્શનાર્થીઓની સંખ્યા પણ વિશેષ જોવા મળી હતી. સે-૬ માં રથયાત્રાના સ્વાગત માટે વિશેષ આયોજન કરવામાં આવ્યુ હતુ ઢોલ નગારા સાથે ડ્રમ વગાડી યાત્રાને વધાવી હતી. વેપારીઓના આ આયોજનથી ખુશ ભાવિકો જુમી ઉઠયા હતા. સરસ્વતી સ્કુલના વિદ્યાર્થીઓએ પણ શિસ્તબધ્ધ રીતે રથયાત્રાનુ સ્વાગત કર્યુ હતુ. સે-૬ અને ઘ-૨ પાસે ગાંધીનગરના ધારાસભ્ય ડો સી જે ચાવડા , નિશિત વ્યાસ, કોર્પોરેટર જયરાજસિંહ વાઘેલા સહીતના આગેવાનોએ રથયાત્રાનુ સ્વાગત કર્યુ હતુ. ઘ-૨ થી આગળ વધતા રથના ટાયરમાં બોલ્ટ સરખો કરવા માટે રથયાત્રાને ૧૦ મિનીટ વિરામ અપાયો હતો. જયારે આગળ કોર્પોરેશનના સ્ટેન્ડીંગ કમિટીના સભ્યો મનુભાઈ પટેલ સહીત ભાજપના કાર્યકરોએ રથયાત્રાનુ સ્વાગત કર્યુ હતુ.ત્યારબાદ રથયાત્રા સે-૭ માં પ્રવેશી હતી .જયાં શોપિંગ સેન્ટરમાં રથયાત્રાનુ ભવ્ય સ્વાગત અને પુજાવિધી કરવામાં આવી હતી. જયારે ઘોડેસવાર યુવાનોએ કરતબ કર્યા હતા. રથયાત્રા સે-૭ માંથી ચ માર્ગને ઓળંગીને સે-૮ માં પહોંચી હતી અહીં ગાંધીનગર સમાચારના સ્ટાફ તેમજ તંત્રી કૃષ્ણકાન્ત જહાએ ભગવાનની પુજાવિધિ કરી યાત્રાનુ ભવ્ય સ્વાગત કર્યુ હતુ. ત્યારબાદ યાત્રા નિયત રૂટમાં છ માર્ગ પર આગળ વધી હતી. આ રૂટમાં યાત્રા ઝડપથી પસાર થઈ હતી.પોલીસ ભવન પાસે ડી જી પી શિવાનંદ ઝા એ રથયાત્રાનુ સ્વાગત કર્યુ હતુ. ત્યારબાદ સે-૧૯ અને સે-૨૦માં ભાવિકોએ જગન્નાથજીએ દર્શનનો લાભ લીધા બાદસે-૩૦ માં થી રથયાત્રા સે-૨૯ જલારામ મંદિર પહોંચી હતી. જયાં ૯ હજાર જેટલા ભાવિકોએ મોહનથાળ અને ખીચડીનો પ્રસાદ લીધો હતો. વિસામા બાદ રથયાત્રા સે-૨૮ દત્ત મંદિર થઈને સે-૨૫ તરફ આગળ વધી હતી. સે-૨૪માં મોટી સંખ્યમાં ભાવિકોએ રથયાત્રાને વધાવી હતી. અને સે-૨૩ સ્વામિનારાયણ મંદિર દ્વારા પણ રથયાત્રાનુ સ્વાગત કરાયુ હતુ. મોટી સંખ્યામાં ભાવિકોએ રથયાત્રાનુ સ્વાગત કર્યુ હતુ. જયાંથી રથયાત્રા આગળ વધી સે-૨૧માં વૈજનાથ મહાદેવ મંદિર પાસે થઈ સેકટરમાં વિશ્વકર્મા શોપીંગથી ડિસ્ટ્રીકટ શોપિંગ સેન્ટર પાસે પહોંચી હતી. જયાં શાકભાજીના વેપારીઓએ રથયાત્રાનુ સ્વાગત કર્યુ હતુ. જયાંથી પંચદેવ મંદિર નીજ મંદિર તરફ યાત્રા પરત થઈ હતી. રથયાત્રા શાંતિપુર્ણ માહોલમાં ભાવિકોની શ્રધ્ધા ભકિત વંદના સાથે સંપન્ન થઈ હતી.નીજ મંદિર પરત થયેલી રથયાત્રાનુ સ્વાગત કરી ભગવાનની પુજાવિધી કરવામાં આવી હતી.

### મોરપીંછના રંગ

● ચોથા પાનાનું ચાલું

આપણે મોટેભાગે શબ્દો દ્વારા, કવિતા દ્વારા કે ગીતો દ્વારા આપણા ભાવોને વ્યક્ત કરીએ છીએ. જ્યારે આ છોકરી મૌન દ્વારા ભાવોને વ્યક્ત કરે છે. જેમાં એને કોઈ શબ્દની જરૂર પડતી નથી. કાં તો એ સ્પર્શથી કાં તો આંખોથી આપણી અંદર પ્રેમના – લાગણીના સંવેદનાના તમામ ગ્રંથોની સમજણ ઉતારી દે એવી ઊર્જાવાન. એના વ્યક્તિત્વના ઓરાની દૈવીશક્તિ આપણે તેની પાસે બેસીએ તો અચૂક અનુભવી શકીએ. ધરતીના ચુમ્બકત્વથી વધુ તેજસ્વી એનું આકર્ષણ. એના દર્શન કરવાથી મંદિરમાં જઈ ઈશ્વરના દર્શન કરવાની જરૂર ના રહે. એની સાથે વાતો કરવાથી ઈશ્વરને પ્રાર્થના કે ભજન કરવાની જરૂર ના પડે એવી શુદ્ધ પવિત્રતાની પ્રેરણામૂર્તિ આ છોકરી કોણ હશે ?

મારી કવિતા ? મારી સંવેદના ? મારું સ્વપ્ન ? મારી નવલકથાનું પાત્ર? એ જે હોય તે... એના વિશે આવી રીતે વિચારવું, લખાવું અને અનુભવવું એ પણ એક સુખદ ઘટના છે. જરૂર નથી કે એ છોકરી સદેહે આપણી પાસે હોવી જ જોઈએ. કલ્પનામાં હોવાની અનુભૂતિ પણ ઓછી સુખદ નથી.